ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩
મંગળવાર ૧૩ ઓક્ટોબર ૨૦૨૬



આસપાસનાં પ્રદેશની સિદ્ધિ અને સમસ્યાની વાત...!

# આસપાસ ચોપાસ



## સામાજિક સંરચના સાચવતુ

## સંસ્કાર, શિક્ષણ શાંતિપૂર્ણ માહોલ ધરાવતું ગામ

# સુંદરણા

## સુંદરણા ગામનો આશરે ૪૦૦ વર્ષ જૂનો ઈતિહાસ, સુંદર રબારીની લોકવાયકા અને ઝાડેશ્વર મહાદેવ મંદિર સાથે જોડાયેલી પરંપરા

આણંદ જિલ્લાના પેટલાદ તાલુકામાં આવેલું સુંદરણા ગામ પૌરાણિક લોકવાયકા, ધાર્મિક આસ્થા અને સામાજિક સંપની પરંપરા ધરાવે છે. આશરે ૪૦૦ વર્ષ પહેલાં ગામમાં માનવ વસવાટ શરૂ થયો હોવાનું મનાય છે. ગામના નામકરણ સાથે સુંદર રબારી અને ઝાડેશ્વર મહાદેવ મંદિરની લોકવાયકા જોડાયેલી છે, જે આજે પણ ગામના ઇતિહાસ અને સ્થાનિક લોકોની આસ્થાનો મહત્વપૂર્ણ હિસ્સો છે.

ગામના વયોવૃદ્ધ આગેવાનોના જણાવ્યા અનુસાર, પ્રાચીન સમયમાં સુંદરણા ગામની ઉત્તર દિશામાં આવેલા વગડામાં સુંદર નામના રબારી ગાયો ચરાવવા જતા હતા. તે દરમિયાન તેમને જાળામાંથી શિવલિંગ મળી આવ્યું હતું. સુંદર રબારીએ આ શિવલિંગની ભક્તિભાવપૂર્વક સ્થાપના કરી હતી. સમય જતાં આ ધાર્મિક સ્થળ ઝાડેશ્વર મહાદેવ મંદિર તરીકે ઓળખાવા લાગ્યું હતું. ત્યારબાદ સુંદર રબારીએ આ વગડા જેવા વિસ્તારમાં કાયમી વસવાટ શરૂ કર્યો હતો. સુંદર રબારી અહીંના પ્રારંભિક વસાહતી તરીકે ઓળખાતા હોવાથી તેમના નામ પરથી ગામનું નામ સુંદરણા પડ્યું હોવાનું માનવામાં આવે છે. જોકે, આ વિગતો સ્થાનિક લોકવાયકા અને વડીલોના મૌખિક વર્ણન પર આધારિત છે.

> **સુંદર રબારીના નામ પરથી પડ્યું સુંદરણા ગામનું નામ! ૪૦૦ વર્ષ જૂના વસવાટ સાથે ઝાડેશ્વર મહાદેવ મંદિરની પૌરાણિક લોકવાયકા જોડાયેલી**

દેશની આઝાદી પહેલાંના સમયમાં સુંદરણા ગામ વડોદરા રાજ્યના મહારાજા સયાજીરાવ ગાયકવાડના શાસન હેઠળ હતું. ભૌગોલિક રીતે ગામની ઉત્તર દિશામાં શાહપુર-વિરોલ, દક્ષિણમાં ભારેલ, પૂર્વમાં બોરસદ તાલુકાનાં સંતોકપુરા અને બોચાસણ તથા પશ્ચિમમાં ધર્મજ ગામની સીમ આવેલી છે. આમ, સુંદરણા પેટલાદ અને બોરસદ તાલુકાનાં ગામોની સીમાઓ સાથે જોડાયેલું છે.





સુંદરણા ગામમાં પાટીદાર, ઠાકોર, પરમાર, રાઠોડ, બારૈયા, સોલંકી, બ્રાહ્મણ, રબારી, દેવીપૂજક, વણકર અને રોહિત સહિતના વિવિધ સમાજના લોકો વસવાટ કરે છે. આ ઉપરાંત લુહાર, મોચી, દરજી, કડિયા, સુથાર અને કુંભાર જેવા વ્યવસાય સાથે સંકળાયેલા પરિવારો પણ ગામના સામાજિક જીવનનો હિસ્સો છે. ગામમાં વિવિધ સમાજના લોકો પરસ્પર સ્નેહભાવ અને સંપથી રહેતા હોવાનું સ્થાનિકો જણાવે છે. વાર-તહેવારોની ઉજવણી પણ સામૂહિક ભાવના સાથે કરવામાં આવે છે.

ગામમાં દર વર્ષે ભાદરવા માસની સુદ આઠમના દિવસે દુર્ગાષ્ટમીનો મેળો યોજાય છે. આ મેળામાં સુંદરણા ઉપરાંત આસપાસનાં ગામોના લોકો પણ મોટી સંખ્યામાં ઉમટે છે. ધાર્મિક આસ્થા સાથે જોડાયેલો આ મેળો ગામની પરંપરા અને સામાજિક એકતાને જીવંત રાખે છે. આમ, પૌરાણિક લોકવાયકા, ઝાડેશ્વર મહાદેવ પ્રત્યેની શ્રદ્ધા અને વિવિધ સમાજના લોકો વચ્ચેનો સંપ સુંદરણા ગામની આગવી ઓળખ બની રહ્યાં છે.

## દાતાઓના વતનપ્રેમ અને સેવાભાવથી શૈક્ષણિક, ધાર્મિક અને સામાજિક સુવિધાઓને વેગ મળ્યો



સુંદરણા ગામની આગવી ઓળખમાં વતનપ્રેમી પરિવારોના દાન અને સેવાભાવની પરંપરાનો નોંધપાત્ર ફાળો રહ્યો છે. ગામના અનેક પરિવારો અમેરિકા, યુનાઇટેડ કિંગડમ, કેનેડા, કેન્યા સહિતના વિવિધ દેશોમાં સ્થાયી થયા છે. વિદેશમાં વસવાટ કરતા હોવા છતાં આ પરિવારો પોતાના વતન સાથે જોડાયેલા રહી ગામના વિકાસકાર્યોમાં યોગદાન આપી રહ્યા છે.

સુંદરણા ગામે વિવિધ ક્ષેત્રોમાં નામના મેળવનારા જ્ઞાનીઓ, ઉદ્યોગસાહસિકો અને દાનવીરો આપ્યા છે. આ પૈકીના અનેક દાતાઓ ગામની શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક અને જાહેર સુવિધાઓના વિકાસમાં સહભાગી બન્યા છે. ગામની શાળાઓ, પ્રવેશદ્વારો, સમાજવાડીઓ, દેવમંદિરો, ટાવર તેમજ અન્ય જાહેર વિકાસકાર્યો માટે દાતાઓ દ્વારા આર્થિક સહયોગ આપવામાં આવે છે. આવા યોગદાનથી ગામમાં વિવિધ સુવિધાઓના નિર્માણ અને વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. એનઆરઆઈ પરિવારો દ્વારા કરવામાં આવતું યોગદાન માત્ર આર્થિક સહાય પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે વતન સાથેના સામાજિક જોડાણને પણ પ્રતિબિંબિત કરે છે. જે ગામમાં ઉછેર અને સંસ્કારો પ્રાપ્ત થયા હોય, તેના વિકાસમાં યથાશક્તિ ફાળો આપવાની ભાવના આ પ્રવૃત્તિઓમાં જોવા મળે છે. વિદેશમાં વસતા પરિવારો ગામની જરૂરિયાતો અને વિકાસલક્ષી કામગીરી સાથે જોડાયેલા રહે છે, જે ગ્રામ્ય વિકાસમાં સ્થાનિક લોકો અને વિદેશસ્થિત વતનીઓ વચ્ચેના સહકારનું ઉદાહરણ પૂરું પાડે છે.





ગામના વિકાસમાં દાતાઓના યોગદાનની સાથે ગ્રામજનોનો સહયોગ પણ મહત્ત્વપૂર્ણ રહ્યો છે. આર્થિક સહાય, સામૂહિક ભાગીદારી અને વતન પ્રત્યેની લાગણીના સંયોજનથી ગામમાં વિવિધ ક્ષેત્રોમાં વિકાસકાર્યો હાથ ધરવામાં આવી રહ્યાં છે.

સુંદરણામાં દાન અને સેવાભાવની આ પરંપરા વતન સાથેનું જોડાણ જાળવી રાખવાની સાથે નવી પેઢીમાં પણ સામાજિક જવાબદારીની ભાવના વિકસાવવા માટે પ્રેરક બની શકે છે. એનઆરઆઈ પરિવારો, દાનવીરો અને ગ્રામજનોની સહભાગિતા ગામની 'ગોકુળિયું ગામ' તરીકેની ઓળખને વધુ મજબૂત બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

## સુંદરણા ટાઉન ટોક

### -: સુંદરણા ગામનો પરિચય :-

| | |
|---|---|
| ગામના કુંટુંબોની કુલ સંખ્યા | 1040 |
| કુલ વસ્તી | 4824 |
| કુલ પુરૂષો | 2571 |
| કુલ સ્ત્રીઓ | 2253 |

### -: સાક્ષરતા દર :-

| | |
|---|---|
| કુલ સાક્ષરતા દર | 78.46 |
| પુરૂષ સાક્ષરતા દર | 87.20 |
| સ્ત્રી સાક્ષરતા દર | 68.53 |

### -: ખેડૂતો :-

| | |
|---|---|
| ખેડૂતો | 405 |
| ખેત મજૂર | 1678 |
| સીમાંત વર્ગ | 95 |

### -: બીપીએલ :-

| | |
|---|---|
| બીપીએલ કુટુંબ (0 થી 16) | 329 |
| બીપીએલ કુટુંબ (17 થી 20) | 674 |

### -: પશુધન :-

| | |
|---|---|
| પશુધન | 1588 |
| ગાય | 878 |
| ભેંસ | 613 |
| અન્ય | 97 |

### -: જમીન ક્ષેત્રફળ :-

520 હેક્ટર 70 આરે 78 ચોરસ મીટર
ખેડવાલાયક પડતર જમીન 78 હેક્ટર 36 આરે 72 ચો.મી.

### -: ખેતીપાક :-

1. ડાંગર 2. તમાકુ
3. બાજરી 4. વિવિધ શાકભાજી

### -: શૈક્ષણિક સગવડ :-

| | |
|---|---|
| પ્રાથમિક શાળા | 02 |
| માધ્યમિક શાળા | 01 |
| ઉચ્ચ.માધ્ય. શાળા | 00 |
| વિદ્યાર્થીઓ | 555 |

### -: આરોગ્યની સવલત :-

| | |
|---|---|
| પેટા આરોગ્ય કેન્દ્ર | 01 |

### -: વીજળીકરણ :-

| | |
|---|---|
| રહેણાંક વીજ જોડાણ | 1181 |
| ઔદ્યોગિક વિષયક જોડાણ | 76 |
| ખેતી વિષયક જોડાણ | 42 |

### -: રોજગારી :-

| | |
|---|---|
| સ્વસહાય જુથોની સંખ્યા | 39 |
| સખી મંડળોની સંખ્યા | 43 |
| જોબકાર્ડ આપેલ કુટુંબોની સંખ્યા | 141 |

### -: સામાજિક સુરક્ષાની વિગતો :-

| | |
|---|---|
| NFSA કાર્ડ ધારકો | 411 |
| BPL કાર્ડ ધારકો | 242 |
| અંત્યોદય કાર્ડ ધારકો | 60 |
| APL કાર્ડ ધારકો | 584 |

### -: યોજનાકીય લાભાર્થીઓ :-

| | |
|---|---|
| વૃદ્ધા પેન્શન | 173 |
| વિધવા સહાય | 256 |
| આર્થિક લાભ મેળવેલ અપંગ વ્યક્તિો | 02 |